GJAH010038472019

| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | : | ૦૧/૦૫/૨૦૧૯ | | |
| દાખલ તારીખ | : | ૦૧/૦૫/૨૦૧૯ | | |
| ફેંસલ તારીખ | : | ૦૮/૦૪/૨૦૨૬ | | |
| અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૬ | ૧૧ | ૦૭ |
| આંક | : | | | |

**અમદાવાદ (રૂરલ) ના વિશેષ ન્યાયાધિશ (એટ્રોસિટી) અને પાંચમા અધિક સત્ર ન્યાયાધિશશ્રીની અદાલત સમક્ષ, નવરંગપુરા, અમદાવાદ.**

**ચૂકાદાની તારીખ : ૦૮/૦૪/૨૦૨૬.**
**સ્પે. એટ્રોસિટી કેસ નં.૧૮/૨૦૧૯.**

**(સાણંદ જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશન, ગુન્હા રજી. નં.I-૧૮/૨૦૧૯)**

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર. |
| ફરિયાદ પક્ષ તરફે પ્રતિનિધીત્વ કરનાર વિદ્વાન એડીશનલ પબ્લીક પ્રોસીક્યુટર | શ્રી એસ. બી. પટેલ |

| | | |
|---|---|---|
| આરોપી | (૧) | **વિક્રમસિંહ ભીખુભા વાઘેલા**<br>રહે.ઇચાવા, રામજી મંદિર પાસે, દરબાર વાસ,<br>તા.સાણંદ, જિ.અમદાવાદ. |
| | (૨) | **શક્તિસિંહ બળવંતસિંહ ઉર્ફે હસુભા વાઘેલા**<br>રહે.ઇચાવા, નાનો દરબાર વાસ,<br>તા.સાણંદ, જિ.અમદાવાદ. |
| | (૩) | **મહાવીરસિંહ નવલસિંહ ઉર્ફે નવુભા વાઘેલા**<br>રહે.ઇચાવા, નાનો દરબાર વાસ,<br>તા.સાણંદ, જિ.અમદાવાદ. |
| | (૪) | **સુખદેવસિંહ લાલુભા વાઘેલા**<br>રહે.ઇચાવા, દરબાર વાસ,<br>તા.સાણંદ, જિ.અમદાવાદ. |

| | |
|---|---|
| આરોપી તરફે પ્રતિનિધિત્વ કરનાર વિદ્વાન વકીલશ્રી | શ્રી એચ. એમ. પ્રજાપતિ |

**ફોર્મ નં.બી**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૫/૦૨/૨૦૧૯ |
| એફ. આઇ. આર. ની તારીખ | ૨૫/૦૨/૨૦૧૯ |
| ચાર્જશીટની તારીખ | ૦૧/૦૫/૨૦૧૯ |
| તહોમતનામુ ઘડ્યાની તારીખ | ૨૯/૦૨/૨૦૨૦ |
| પુરાવાની શરૂઆત | ૦૭/૧૦/૨૦૨૧ |
| જે તારીખે ચૂકાદો અનામત રાખવામાં આવ્યો છે તે તારીખ | ૦૨/૦૪/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૦૮/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઇ હોય તો. | --- |

**-: આરોપીની વિગત :-**

| ૧. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર છૂટયાની તારીખ | ગુન્હાનો આરોપ મૂક્યો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી? | ફો.કા.સં. કલમ-૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયત ની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | વિક્રમસિંહ ભીખુભા વાઘેલા | ૦૧/૦૩/૧૯ | ૧૨/૦૩/૧૯ | ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪ તથા એટ્રોસિટી એક્ટની કલમ-૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫-અ) મુજબ... | નિર્દોષ | --- | --- |
| ૨. | શક્તિસિંહ બળવંતસિંહ ઉર્ફે હસુભા વાઘેલા | ૦૧/૦૩/૧૯ | ૧૨/૦૩/૧૯ | | નિર્દોષ | --- | --- |
| ૩. | મહાવીરસિંહ નવલસિંહ ઉર્ફે નવુભા વાઘેલા | ૦૧/૦૩/૧૯ | ૧૨/૦૩/૧૯ | | નિર્દોષ | --- | --- |
| ૪. | સુખદેવસિંહ લાલુભા વાઘેલા | ૦૧/૦૩/૧૯ | ૧૨/૦૩/૧૯ | | નિર્દોષ | --- | --- |

**ગુન્હો :-** ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪ તથા એટ્રોસિટી એક્ટની કલમ-૩(૧)(આર.) ૩(૧)(એસ), ૩(૨)(૫-અ) મુજબ...

## ચૂકાદો

(૧.) આ કામના ફરીયાદી વિસાભાઇ પિતાંબરભાઇ સોલંકીએ તા.૨૫/૦૨/૨૦૧૯ ના રોજ પોલીસ ઇન્સપેક્ટરશ્રી, સાણંદ જી. આઇ. ડી. સી. પોલીસ સ્ટેશન રૂબરૂમાં ફરિયાદ હકીકત લખાવતા સંક્ષિપ્તમાં એવી વિગત જણાવેલ છે કે,

આજ રોજ મારા ગામના કુટુંબી ભાઇ જગદીશભાઇ જુઠાભાઇ સોલંકી તથા તેમનો દિકરો બબલુ જગદીશભાઇ સોલંકીનાઓ બપોરના ત્રણેક વાગે અમારા ગામના નવલસિંહ ગુલાબસિંહ વાઘેલા સાથે ઝઘડો થયેલ જે સંબંધે હું મારા સંબંધી જગદીશભાઇના ઘરે તેઓની ખબર કાઢવા જતો હતો તે વખતે અમારા ગામના વિક્રમસિંહ ભીખુભા વાઘેલા તથા શક્તિસિંહ હસુભા વાઘેલા તથા સુખદેવસિંહ લાલુભા વાઘેલા તથા મહાવીરસિંહ નવુભા વાઘેલા નાઓ તેમના હાથમાં લાકડીઓ લઇ આવેલ અને મને જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગેલા જેથી મેં તેઓને ગાળો બોલવાની ના પાડતા આ ચારેય માણસો મારી ઉપર ઉશ્કેરાઈ ગયેલા અને આ વખતે મહાવીરસિંહ વાઘેલાએ મને ધક્કો મારતા હું નીચે પડી ગયેલ અને તે વખતે વિક્રમસિંહ ભીખુભા વાઘેલાએ તેના હાથમાં લાકડી હોય જે લાકડી મને મારતા માથાના ભાગે લાકડી વાગેલ અને મને માથામાં લોહીની કુટ થયેલ અને ઇજા થયેલ તે વખતે શક્તિસિંહ હસુભા વાઘેલા તથા સુખદેવસિંહ લાલુભા વાઘેલા નાઓ મને ગડદાપાટુનો માર મારવા લાગેલ અને મને કહેલ કે, 'સાલા ઢેઢાઓ તમે બહુ ફાટી ગયા છો' તેમ કહી જાતિ વિષયક શબદો બોલવા લાગેલ જેથી આ વખતે મેં બુમાબુમ કરતા મારા વાસના શામજીભાઇ ગાંડાભાઇ સોલંકી તથા રસીકભાઇ સવાભાઇ સોલંકી નાઓ મને છોડાવવા વચ્ચે પડેલ અને મને વધુ મારમાંથી છોડાવેલ. ત્યાર બાદ આ માણસો તેમના હાથમાંની લાકડીઓ લઇ જતા રહેલ અને આજ રોજ હું ફરીયાદ કરવા આવેલ છું, મારે દવાખાને સારવાર અર્થે જવું છે. તે મતલબની હકીકતો વાળી ફરીયાદીએ હાલના આરોપી વિરૂદ્ધમાં ધોરણસર તપાસ થવા ફરીયાદ આપેલ છે.

આ ઘટના અનુસંધાને ફરીયાદીએ ફરીયાદ આપતા તે હકીકતના

આધારે આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪ તથા એટ્રોસિટી એક્ટની કલમ–૩(૧)(આર.) ૩(૧)(એસ), ૩(૨)(૫–અ) મુજબનો ગુન્હો નોંધવામાં આવ્યો હતો. સદર ફરીયાદ અન્વયે જણાવેલ હકીકતના આધારે તપાસના અંતે પોલીસે કોર્ટ રૂબરૂ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૭૩ મુજબ પ્રથમ ચાર્જશીટ આરોપી સામે કરેલ, તેમજ ચાર્જશીટ કોર્ટના રેકર્ડ પર અત્રેની અદાલતમાં સ્પે.એટ્રોસીટી કેસ નં.૧૮/૨૦૧૯, તા.૦૧/૦૫/૨૦૧૯ થી રજીસ્ટરે લેવામાં આવેલ.

(૨.) ત્યાર બાદ અત્રેની અદાલત દ્ધારા આરોપીઓ વિરૂદ્ધ આંક–૬ થી તા.૨૯/૦૨/૨૦૨૦ નાં રોજ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪ તથા એટ્રોસિટી એક્ટની કલમ–૩(૧)(આર.) ૩(૧)(એસ), ૩(૨)(૫–અ) મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અંગેનું તહોમતનામુ ફરમાવી વાંચી, સંભળાવી, સમજાવતા આંક–૭ થી આંક–૧૦ અન્વયે આરોપીઓનું ગુન્હા સંબંધે નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ તેમના વિરૂદ્ધના ગુન્હાનો ઈન્કાર કરતા આરોપીઓ વિરૂદ્ધના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩.) આરોપીઓ વિરૂદ્ધ આંક–૬ થી ફરમાવવામાં આવેલ તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

**–: મૌખિક પુરાવો :–**

| અનુ. નંબર | સાહેદનું નામ વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી વિસાભાઇ પિતાંબરભાઇ સોલંકીની જુબાની | ૧૫ |
| ૨. | સાહેદ શામજીભાઇ ગાંડાભાઇ સોલંકીની જુબાની | ૨૬ |
| ૩. | સાહેદ જગદીશભાઇ જુઠાભાઇ સોલંકીની જુબાની | ૨૯ |
| ૪. | સાહેદ બલબીર જગદીશભાઇ સોલંકીની જુબાની | ૩૦ |

| | | |
|---|---|---|
| ૫. | સાહેદ ડો.પરવીનબાનો અમાનુલહક અન્સારીની જુબાની | ૩૮ |
| ૬. | સાહેદ ડો.શરદકુમાર અંબાલાલ રાવલની જુબાની | ૪૫ |
| ૭. | પંચ સાહેદ ભવાનભાઇ રામાભાઇ સોલંકીની જુબાની | ૫૦ |
| ૮. | પંચ સાહેદ જયકિશન જેઠાભાઇ સોલંકીની જુબાની | ૫૪ |
| ૯. | પંચ સાહેદ દિલીપસિંહ ફુલસિંહ વાઘેલાની જુબાની | ૫૫ |
| ૧૦. | સાહેદ મયંક મુકુંદભાઇ રાજયગુરૂની જુબાની | ૫૮ |
| ૧૧. | સાહેદ પ્રવિણસિંહ મોહનસિંહ વાઘેલાની જુબાની | ૫૯ |

**-: દસ્તાવેજી પુરાવો :-**

| **અનુ. નંબર** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૬ |
| ૨. | ફરીયાદીનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર | ૧૭ |
| ૩. | ફરીયાદીનું જાતિનું પ્રમાણપત્ર | ૨૧ |
| ૪. | ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાની કચેરીના પત્ર | ૩૯ |
| ૫. | બાયોલોજીકલ પરીક્ષણ અહેવાલ | ૪૦ |
| ૬. | સીરોલોજી પરીક્ષણ અહેવાલ | ૪૧ |
| ૭. | ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાની કચેરીમાંથી મુદ્દામાલ પરત લેવા બાબતે લખેલ પત્ર | ૪૨ |
| ૮. | ડીસ્ચાર્જ સર્ટિફીકેટ | ૪૬ |
| ૯. | મેડીકલ પેપર્સ | ૪૭ |
| ૧૦. | ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ | ૫૧ |
| ૧૧. | આરોપીની અટક તથા મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ | ૫૨ |
| ૧૨. | પંચ સ્લીપ | ૫૩ |
| ૧૩. | આરોપીની અટક તથા મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ | ૫૬ |
| ૧૪. | પંચ સ્લીપ | ૫૭ |
| ૧૫. | સુચિપત્ર | ૬૦ |
| ૧૬. | રવાનગી પત્રક | ૮૭ |

ફરીયાદ પક્ષે ઉપરોક્ત પુરાવા સિવાય બીજો કોઇ પુરાવો રજુ કરવા માંગતા ના હોય અને વિ.મદદનીશ સરકારી વકીલશ્રીએ આંક–૮૯ થી પુરાવા બંધની પુરશીશ રજૂ કરતા તેમનો પુરાવો બંધ કરી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબ આ કામના આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં આ કામના આરોપીઓએ સંભવિત તમામ પુરાવાઓને નકાર્યા હતા અને અમો નિર્દોષ છીએ, કોઇ ગુન્હો કરેલ નથી અને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે તેમ જણાવ્યુ હતુ. જેથી ઉપરોક્ત હકીકત સંદર્ભે કામ આખરી દલીલ પર રાખવામાં આવ્યુ હતુ.

(૪.) દલીલના તબક્કે સરકાર પક્ષે વિ.એડીશનલ પી.પી.શ્રીએ મુખ્યત્વે એવી રજૂઆત કરેલ છે કે, આ કામે ફરીયાદ પક્ષ તરફે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરી પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ છે. ફરીયાદ પક્ષે વધુમાં રજૂઆત છે કે, આ કામના ફરીયાદી વિશાભાઇ સોલંકીએ સ્પષ્ટપણે ફરીયાદની હકીકતને સમર્થન આપ્યુ છે અને આરોપીઓની ઓળખ પણ કરી છે. તે સાથે હથિયારની પણ ઓળખ કરી છે. તે સિવાય સાહેદ શામજીભાઇ સોલંકીએ પણ બનાવની હકીકતને સ્પષ્ટ સમર્થન આપ્યુ છે. સાહેદ બલબીર સોલંકીએ પણ પરોક્ષ રીતે મહત્વની હકીકતોને સમર્થન આપ્યુ છે. આ સિવાય ડો. શરદકુમાર રાવલ કે જેમણે ફરીયાદીને સારવાર આપી હતી તેમની પાસે જણાવાયેલ હીસ્ટ્રીમાં પણ આરોપીઓના સ્પષ્ટ નામ જણાવાયા છે. તપાસ કરનાર અમલદારે પણ આરોપીઓ ગુન્હામાં સામેલ છે તે હકીકતને સમર્થન આપ્યુ છે. સમગ્રપણે આરોપીઓની સામે ગુન્હો સાબિત થાય છે તેથી તમામને સખ્ત સજા કરવા રજૂઆત છે.

(૫.) આ કામે આરોપીઓના વિ.વ.શ્રીએ દલીલ કરતા મુખ્યત્વે જણાવેલ છે કે, આ કામે ફરીયાદ પક્ષના તમામ સાક્ષીઓ એક જ કુટુંબના સભ્યો છે. તેમના પુરાવામાં ઘણી વિસંગતતા છે. ફરીયાદી ખુદ ભગીરથસિંહ નામના આરોપીનું નામ જણાવે છે. પરંતુ આ નામની કોઇ વ્યક્તિ ગુન્હાના કામે ધરપકડ પામી

નથી. આ કામે સાહેદ જગદીશભાઇ સોલંકી ફરીયાદની હકીકતને સમર્થન આપતા નથી. આ સિવાય તમામ પંચનામા સાબિત થતા નથી. ડોકટરના પુરાવામાં ફકત એક જ આરોપીનું નામ દર્શાવે છે. તપાસ કરનાર અમલદારનો પુરાવો રાબેતા મુજબના ક્રમમાં છે. તેવાં સંજોગોમા ગુન્હાની ખુટતી કડીઓ સાબિત થતી નથી. માટે આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા રજૂઆત છે.

(૬.) આ પ્રકરણમાં ફરીયાદ પક્ષે રજૂ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિ.વ.શ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલી દલીલો, કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં, સદર કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયા છે.

**-: મુદ્દા :-**

૧. શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૨૫/૦૨/૨૦૧૯ ના રોજ કલાક ૧૫:૦૦ વાગે મોજે ઇચાવા ગામે આ કામના ફરીયાદી સાહેદની ખબર કાઢવા જતા હતા તે વખતે આ કામના આરોપીઓએ તેમના હાથમાં લાકડીઓ લઇ આવી ફરીયાદીને જેમ ફાવે તેમ ગાળો બોલી આરોપી નં.૧ ને ફરીયાદીને માથામાં લાકડી મારી ઇજા પહોંચાડી તેમજ સહઆરોપીઓએ ફરીયાદીને ગડદાપાટુનો માર મારી જાતિ વિષયક અપમાનીત શબ્દો બોલી ગુન્હો કરવામાં એકબીજાએ મદદગારી કરી ભારતીય દંડ સંહિતા ની કલમ-૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪ તથા એટ્રોસિટી એક્ટની કલમ-૩(૧)(આર), ૩(૧)(એસ),૩(૨)(૫-અ) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કર્યો છે?

૨. શું હુકમ?

(૭.) ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણય માટે નીચે જણાવેલા કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**-: કારણો :-**

**<u>મુદ્દા નં.૧ ની ચર્ચા :-</u>**

(૮.) આ કામે ફરીયાદ પક્ષે રજૂ પુરાવાને ધ્યાને લઇએ તો, સૌપ્રથમ આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪ તથા એટ્રોસિટી એક્ટની કલમ-૩(૧)(આર),૩(૧)(એસ), ૩(૨)(૫-અ) મુજબના ગુન્હા સંદર્ભેનું તહોમત છે. સમગ્રપણે તમામ કલમો અન્વયે ફરીયાદ પક્ષે એ હકીકત સાબિત કરવાની રહે છે કે, આ કામના આરોપીઓએ ભોગ બનનાર કે જે અનુસુચિત જાતિના હતા તેમ હોવાનું જાણતા હોવા છતાં તા.૨૫/૦૨/૨૦૧૯ ના રોજ કલાક ૧૫:૦૦ વાગે મોજે ઇચાવા ગામે આ કામના ફરીયાદી સાહેદની ખબર કાઢવા જતા હતા તે વખતે આ કામના આરોપીઓએ તેમના હાથમાં લાકડીઓ લઇ આવી ફરીયાદીને જેમ ફાવે તેમ ગાળો બોલી આરોપી નં.૧ ને ફરીયાદીને માથામાં લાકડી મારી લોહીની કુટ કરી તેમજ સહઆરોપીઓએ ફરીયાદીને ગડદાપાટુનો માર મારી જાતિ વિષયક અપમાનીત શબ્દો બોલી ગુન્હો કરવામાં એકબીજા એ મદદગારી કરી ગુન્હો કર્યો હતો.

(૯.) ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેસ સાબિત કરવા જે પણ સાહેદો રજૂ કર્યા છે તે અનુસંધાને વિચારણા કરીએ તો, ફરીયાદ પક્ષે મુખ્ય સાક્ષીઓ પૈકી ફરીયાદી સાહેદ નં.૧ વિસાભાઇ પિતાંબરભાઇ સોલંકીને આંક-૧૫ થી તપાસ્યા છે. સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે, "*તા.૨૫/૨/૨૦૧૯ ના રોજ બપોરના ત્રણ વાગ્યાની આસપાસ તેઓના ગામના નવલસિંહ વાઘેલા જોડે ઝધડો થયેલ એ બાબતે તેઓ કુટુંબી ભાઈ જગદીશભાઈની ખબર કાઢવા જતા હતા, તે દીવસે વિક્રમસીહ વાઘેલા તથા શક્તિસિંહ વાઘેલા, ભગીરથસિંહ વાઘેલા તેમજ સુખદેવ સિંહ વાઘેલા મળેલા જે તમામના હાથમાં લાકડીઓ હતી અને તેઓને જેમ*

*ફાવે તેમ ગાળો બોલતા હતા. જેથી તેઓએ તેમને પગે લાગી ને સમજાવેલ કે ગાળો બોલવાની ના પાડેલ જેથી આ ચારેય જણા તેઓની ઉપર ઉશ્કેરાઈ ગયેલ. ભગીરથસિંહે તેઓને ધક્કો મારતા તેઓ કાંટાની વાડમાં પડી ગયેલ, વિક્રમસિંહ વાઘેલાએ તે વખતે તેઓને માથાના ભાગે લાકડી મારેલ જેથી તેઓને માથામાંથી લોહી નીકળેલ. તે વખતે શક્તિસિંહ અને સુખદેવસિંહે તેઓને ગડદાપાટુનો માર મારેલ અને તે વખતે તેઓને કહેલ કે સાલા ઢેડાઓ તમે બહુ ફાટી ગયા છો તમને આ રીતે જ માર મારવાનો તેમજ તેઓને જાતી વિષયક શબ્દો બોલેલા. એ વખતે તેઓએ બુમાબુમ કરતા તેઓના કાકાનો દીકરો મિજીભાઈ ગાંડાભાઈ સોલંકી અને રસીકભાઈ સવાભાઈ સોલંકી તેઓને છોડાવવા વચ્ચે* પડેલ અને અને વધુ માર માથી છોડાવેલ. '' આ સિવાય સાહેદે કોર્ટ રૂબરૂ ગુન્હા કામે ઉપયોગમાં લેવાયેલ હથિયાર તથા આરોપીઓને ઓળખી બતાવ્યા છે. સાહેદે કોર્ટ રૂબરૂ એ પણ સ્પષ્ટતા કરી છે કે, ફરીયાદમાં જણાવ્યા પ્રમાણે ડોકટર રૂબરૂ મહાવીરસિંહ વાઘેલાનું નામ લખ્યુ છે પરંતુ તેઓ હાજર ન હતા અને ભગીરથસિંહ હાજર હતા તેમનુ નામ અન્ય લોકોએ ખોટી રીતે લખાવ્યુ છે. આ સિવાય આરોપી પક્ષ તરફે ઉલટ તપાસ નથી.

(૧૦.) ફરીયાદ પક્ષે સાહેદ નં.ર શામજીભાઇ ગાંડાભાઇ સોલંકીને આંક–ર૬ થી સોગંદ ઉપર તપાસ્યા છે. સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે, *''બનાવ ૧ વર્ષ પહેલા બનેલ. તેઓ તેઓના ઘરેથી સોસાયટી તરફ જતા હતા. વિક્રમસિંહ, સુખદેવસિંહ, શકિતસિંહ અને ભગીરથસિંહ તેઓને સામા મળેલા. તેઓ સોસાયટીમાં દાખલ થતા હતા ત્યારે આ લોકો તેઓને મળેલા. તેઓ અને તેઓના ભાઈ વિસાભાઈ પિતાંબર સોલંકી કે જે તેઓના કુટુંબી ભાઈ તેઓની સાથે હતા. ઉપર લખાવેલ ૪ નામવાળા લોકો જગદીશભાઈને ગાળો બોલતા હતા. તેઓના ભાઈ વિસાભાઈએ આ લોકોને ગાળો બોલતા હતા તેની ના પાડી અને તેઓ ૪ લોકો જાતિ વિરુધ્ધ અપશબ્દો બોલેલા કે ઢેડાઓ તમને મારવામાં આવશે. વિક્રમભાઈએ વિસાભાઈ જોડે ઝપાઝપી કરી અને ભગીરથભાઈએ ધક્કો મારેલો જેથી વિસાભાઈ પડી ગયા અને વિક્રમભાઈએ વિસાભાઈના માથામાં લાકડી મારેલી. લાકડી મારતા લોહી નીકળવા લાગેલ. બીજા લોકો શકિતસિંહ, ભગીરથસિંહ અને સુખદેવસિંહે ગડદા પાટુનો માર મારેલ. વિસાભાઈને આ મારમાંથી તેઓએ તથા રસિકભાઈએ*

*છોડાવેલ અને ત્યાર બાદ આ તમામ માણસો લાકડીઓ લઈને જતા રહેલા. વિક્રમસિંહ, શક્તિસિંહ, સુખદેવસિંહ, મહાવીરસિંહ અને ભગીરથસિંહ તમામ લોકો લાકડી લઈને આવેલ. બનાવ વખતે તેઓ હાજર હતા.* આમ, સાહેદ આરોપીઓની ઓળખ કરે છે તથા હથિયારની પણ ઓળખ કરી બતાવે છે.

સદર સાહેદ આરોપી પક્ષે સદર સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતા સાહેદ સ્વીકારે છે કે, આ કામના ફરીયાદી મારા કુંટુંબી ભાઇ થાય છે, બનાવ સમયે હું ફરીયાદી સાથે હતો, તે વખતે હું અને વિશાભાઇ અમારા કુટુંબી જગદીશભાઇ જુઠાભાઇની ખબર કાઢવા જતા હતા, જગદીશભાઇના ઘરે કોઇ ઝઘડો ચાલતો હતો તેની અમોને ખબર પણ ન હતી. સાહેદના સમગ્ર પુરાવામાં આટલી બાબત મહત્વની છે.

**(૧૧.)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૩ જગદીશભાઇ જુઠાભાઇ સોલંકીને આંક–૨૯ થી સોગંદ ઉપર તપાસ્યા છે. સાહેદ તેમની સરતપાસમાં આ કામના આરોપીઓને ઓળખી બતાવેલ છે. આ સિવાયની ફરીયાદ પક્ષના કેસની તમામ હકીકતોનો સ્પષ્ટપણે ઇનકાર કરે છે અને ફરીયાદ પક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલ નથી. સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોવાથી હોસ્ટાઇલ જાહેર કરાતા ફરીયાદની તમામ હકીકતને નકારે છે. વિશેષમાં કોઇ બાબત પુરાવામાં આવતી નથી. આરોપી પક્ષે સદર સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતા સાહેદ સ્વીકારે છે કે, પોલીસે માત્ર મારૂ નામ સરનામુ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ બનેલ નહીં.

**(૧૨.)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૪ બલવીર જગદીશભાઇ સોલંકીને આંક–૩૦ થી સોગંદ ઉપર તપાસ્યા છે. સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે, *''મારા પિતા અમદાવાદ શહેર પોલીસ હેડ ક્વાર્ટર ખાતે હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજો બજાવતા હતા. ૨૦૧૯ મા અમારે અમારા ગામના નવલસિંહ સાથે બોલાચાલી ઝઘડો થયેલો અને અમારા વાસના અમારા કુટુંબી વિસાભાઈ તેઓના ઘરે આવતા હતા ત્યારે અમારા ગામના વિક્રમસિંહ, મહાવીરસિંહ, શક્તિસિંહ તથા સુખદેવસિંહ લાકડીઓ લઈને આવેલ અને વિસાભાઈ સાથે બોલાચાલી ઝઘડો કરી લાકડીઓ લઈ વિક્રમસિંહે માથામા લાકડી મારેલ અને જાતિ વિષયક અપમાનિત શબ્દો બોલી*

*વિસાભાઈને ગડદાપાટુનો માર મારી જતા રહેલા જેથી વિસાભાઈએ આ તમામ વિરુધ્ધ ફરીયાદ કરેલી, આરોપીઓ ગામના થતા હોવાથી તેમને ઓળખી બતાવે છે, બનાવ સંબંધે પોલીસે મારો જવાબ લીધેલો.''*

આરોપી પક્ષે સદર સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતા સાહેદ સ્વીકારે છે કે, વિસાભાઇ અમારા સગા થાય છે, બનાવ બન્યો ત્યારે હું બનાવના સ્થળ ઉપર હાજર હતો પરંતુ મેં આ બાબતે પોલીસને કોઇ ફરીયાદ આપેલ નહીં, એ વાત ખરી છે કે, કહેવાતો કોઇ બનાવ બન્યો નથી. આરોપીઓએ મને કે વિસાભાઇને કોઇ જાતિ વિષયક શબ્દો બોલેલા નથી.

(૧૩.) ફરીયાદ પક્ષે સાહેદ નં.૫ ડો.પરવીનબાનો અમાનુલહક અન્સારીને આંક−૩૮ થી સોગંદ ઉપર તપાસ્યા છે. સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે, *''હું એફ.એસ.એલ. મા સાયન્ટીફીક ઓફીસર તરીકે છેલ્લા ૧૧ વર્ષથી ફરજ બજાવુ છુ. હાલ છેલ્લા સાતેક વર્ષથી તેઓ અમદાવાદ મુકામે આવેલ કચેરીમાં ફરજો બજાવુ છુ. તા.૯/૪/૨૦૧૯ ના રોજ સાણંદ જી. આઈ. ડી. સી પોલીસ સ્ટેશન તરફથી ગુના ર. નં. ફ. :૧૮/૨૦૧૯ સંબંધી ત્રણ સીલબંધ પાર્સલો એફ.એસ.એલ કચેરીને મળેલ હતા જે તા.૯/૪/૨૦૧૯ ના દિવસે જ બાયોલોજી વિભાગના મદદનીશ નિયામક શ્રી એમ.જી. શેખ તરફથી તેઓને બાયોલોજીકલ પૃથ્થકરણ કરવા માટે અપાયેલ હતુ. જે અસલ તેઓ સાથે લાવેલ હોય જેમા મદદનીશ નિયામકશ્રીની સહી તેઓ ઓળખી બતાવતા હોય જેને પુરાવામાં રજૂ દાખલ આંક−૩૯ આપવામાં આવેલ છે. સદર કેસના ત્રણ પાર્સલો પોલીસ સ્ટેશનનો અકબંધ સીલ ધરાવતી ત્રણ સફેદ કપડાની બેગીમાં હતા જેના માર્ક−એ, બી તથા સી હતા. તે પાર્સલોનુ બાયોલોજીકલ પરીક્ષણનુ પરિણામ નીચે મુજબ છે.*

*પાર્સલ નં. એ− વિવિધ રંગી ઉભા પટાવાળો લાંબી બાયનો શર્ટ હતો જેમાં રુધિરની હાજરી મળી શકેલ ન હતી.*

*પાર્સલ નં. બી – વાદળી કલરનો સફેદ ઉભી લાઈનીંગવાળુ પેન્ટ હતુ જેમાં થોડા પ્રમાણમા નાના કદના છુટા છવાયા આછા ભુખરા ડાઘ જોવા મળેલ અને તે રુધિર તરીકે ઓળખાયેલ હતા.*

*પાર્સલ નં. સી– આશરે ૧૧૫.૧ સેમી લાંબી તથા એક છેડે પ્લાસ્ટીક લગાડેલ લાકડી હતી જેમાં રુધિરની હાજરી મળી શકેલ ન હતી. ઉપર મુજબનુ પરીક્ષણ કરી રુધિર ધરાવતા પાર્સલ બી ના પેન્ટના ટુકડાને સીરોલોજીકલ પરીક્ષણ અર્થે સીરોલોજી વિભાગમા મોકલેલ હતુ. જે બાયોલોજીકલ પરીક્ષણ તેઓએ કર્યુ તેનો અસલ રીપોર્ટ તેઓ તેઓની સાથે લાવેલ છે. તેઓ તેઓની સાથે સીરોલોજી પરીક્ષણનો રીપોર્ટ જે મદદનીશ નિયામક એમ.જી. શેખે પૃથ્થકરણ કરી તૈયાર કરેલ છે તે સાથે લાવેલ છું.''*

આરોપી પક્ષે સદર સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતા સાહેદ સ્વીકારે છે કે, આંક–૪૦ મા કોઇ ચોકકસ તારીખ લખેલી નથી, આંક–૪૧ વાળો સીરોલોજી પરીક્ષણનો અહેવાલ મેં તૈયાર કરેલ નથી કે મેં તે અંગે કોઇ પરીક્ષણ પણ કરેલ નથી, મેં મોકલેલ પાર્સલોનું સીરોલોજીકલ પરીક્ષણ મારી હાજરીમાં થયેલ નથી.

(૧૪.) ફરીયાદ પક્ષે સાહેદ નં.૬ ડો.શરદકુમાર અંબાલાલ રાવલને આંક–૪૫ થી સોગંદ ઉપર તપાસ્યા છે. સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે, *''હું મારી ફરજ ઉપર તા.૨૫/૨/૨૦૧૯ ના રોજ ૬:૪૫ વાગે સાંજે સામુહિક આરોગ્ય કેન્દ્ર સાણંદ ખાતે ફરજ ઉપર હાજર હતો તે દરમિયાન એક દર્દી નામે વિસાભાઈ પીતામ્બરભાઈ સોલંકી મારામારીમાં ઈજાઓ થવાથી પોલીસ યાદી વગર બતાવવા આવેલ. તેમનો ઓ.પી.ડી કેસ પેપર કઢાવેલ તથા તેમણે તેમની હીસ્ટ્રીમાં લખાવેલ કે, મહાવીરસિંહ વાઘેલાએ તેમને ધકકો મારી પાડી દીધેલ તે વખતે વિક્રમસિંહ ભીખુભા વાઘેલાએ તેમને માથામાં લાકડી મારેલ અને માથામાંથી લોહી નીકળેલ છે. તેમની શારીરીક તપાસમાં માથાના આગળના ભાગે ઢીમણુ એક સે.મી વ્યાસનુ જણાયેલ જેમાંથી લોહી નીકળતુ હતુ. તેમને પ્રાથમિક સારવાર આપી જણાવેલ કે, કોઈ પણ જાતની આડઅસર જણાય તો નજીકની હોસ્પીટલનો સંપર્ક કરવો. અમો ઓ.પી.ડી નં.૨૧૪ તથા એમ.એલ.સી નં.૫૩/એ/૨૦૧૯ આપેલ છે. અમોએ તે જ દિવસે તેમને છુટા કરેલ તથા ઉપરની ઈજા પાંચથી સાત દિવસની અંદર મટી શકે તેવુ તેઓનું માનવુ છે.''*

આરોપી પક્ષે સદર સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતા સાહેદ સ્વીકારે છે કે, આ દર્દીને જે ઈજા થયેલી તે પડી જવાથી પણ થઇ શકે તે પ્રમાણેની ઈજા હતી.

(૧૫.) ફરીયાદ પક્ષે પંચ સાહેદ નં.૭ ભવાનભાઇ રામાભાઇ સોલંકીને આંક–૫૦ થી તથા બીજા પંચ સાહેદ નં.૮ જયકિશન જેઠાભાઇ સોલંકીને આંક–૫૨ થી સોગંદ ઉપર તપાસ્યા છે. આ પંચનામા મુખ્યત્વે ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ છે તથા ફરીયાદીએ બનાવ સમયે જે કપડા શર્ટ અને પેન્ટ પહેર્યા હતા તે કબજે કરવાનું પંચનામુ છે. આ બંને પંચનામાના સાહેદ ભવાનભાઇ અને જયકિશનભાઇ તેમની સરતપાસમાં જણાવે છે કે, સને–૨૦૧૯ ના અરસામાં નાયબ પોલીસ અધિક્ષકશ્રીએ ઇચાવા ગામે ફાટકથી ગામમાં જવાના રસ્તા પર ઈન્દીરા આવાસ યોજના પાસે હું હાજર હતો ત્યારે એક પંચનામામાં સહી કરાવેલી, તેમને પંચનામુ બતાવતા જેમાં પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે.સદર બંને સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોવાથી તેમને હોસ્ટાઇલ જાહેર કરતા. સરકારી વકીલશ્રીને બંને સાહેદોની ઉલટ તપાસ કરવાની પરવાનગી આપતા ફરીયાદ પક્ષના કેસની તમામ હકીકતને નકારી છે. આરોપી પક્ષે કરવામાં આવેલ સદર સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતા સાહેદ સ્વીકારે છે કે, પોલીસે માત્ર સહી કરાવેલી તે સિવાય બીજી કોઇ કાર્યવાહી મારી હાજરીમાં થયેલ નથી. આમ, આ બંને પંચનામા સાબિત થતા નથી.

(૧૬.) ફરીયાદ પક્ષે પંચ સાહેદ નં.૯ દિલીપસિંહ કુલસિંહ વાઘેલાને આંક–૫૫ સોગંદ ઉપર તપાસ્યા છે. સદર સાહેદ આરોપીઓની શરીરસ્થિતિનું તથા ગુન્હાના કામમાં વાપરેલ લાકડીઓ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે. સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે, *સને–૨૦૧૯ ના અરસામાં નાયબ પોલીસ અધિક્ષકશ્રીએ સાણંદ જી. આઇ. ડી. સી. પોલીસ સ્ટેશને બોલાવેલ કે કેમ? તે મને હાલ યાદ નથી. પોલીસે તૈયાર કાગળમાં મારી સહી કરાવેલી. સહી કઇ બાબતની અને શેના અંગેની હતી તેની મને ખબર નથી.* તેમને પંચનામુ તથા પંચ

સ્લીપ બતાવતા જેમાં પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે. સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોવાથી તેમને હોસ્ટાઇલ જાહેર કરતા. સરકારી વકીલશ્રીને સદર સાહેદની ઉલટ તપાસ કરવાની પરવાનગી આપતા સદર સાહેદે ફરીયાદ પક્ષના કેસની તમામ હકીકતને નકારી છે. આરોપી પક્ષે કરવામાં આવેલ સદર સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતા સાહેદ સ્વીકારે છે કે, પોલીસે માત્ર સહી કરાવેલી તે સિવાય બીજુ કાંઇ મારી રૂબરૂમાં બનેલ નથી.

(૧૭.) ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૦ મયંક મુકુંદભાઇ રાજયગુરુને આંક–૫૮ થી સોગંદ ઉપર તપાસ્યા છે. સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે, ફરીયાદીએ ફરીયાદ અનુસંધાને તેમની રૂબરૂ ફરીયાદ આપી હતી. જે નોંધી તેમણે ગુન્હાની તપાસ નાયબ પોલીસ અધિક્ષકને મોકલી હતી. સદર સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતા વિશેષ કોઇ બાબત રેકર્ડ ઉપર આવતી નથી.

(૧૮.) ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૧ પ્રવિણસિંહ મોહનસિંહ વાઘેલાને આંક–૫૯ થી સોગંદ ઉપર તપાસ્યા છે. સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે, તેમને પી.એસ.ઓ. તરીકે ફરીયાદ દાખલ કરવા આવતા ફરીયાદ દાખલ કરી ડીવાય.એસ.પી. કે. ટી. કામરીયાને આગળની તપાસ સોંપી હતી.

(૧૯.) ફરીયાદ પક્ષે તપાસ કરનાર અમલદાર કે.ટી. કામરીયાને આંક–૮૬ થી તપાસ્યા છે. સાહેદ તેમના સમગ્ર પુરાવામાં તેમણે તપાસના કામે કરેલ કાર્યવાહીને સંપૂર્ણ રીતે સમર્થન આપે છે. સાથે તમામ પંચનામા તેમની રૂબરૂ થયા હતા. તે હકીકતને સમર્થન આપ્યુ છે.

(૨૦.) હાલના કેસમાં સમગ્ર પુરાવો ધ્યાને લઇએ તો, ફરીયાદ પક્ષે આક્ષેપિત બાબતોને પુરવાર કરવા માટે જે પણ પુરાવો રજૂ કર્યો છે. તે ઉપર ચર્ચા કરી છે. તે હકીકત સમગ્રપણે ધ્યાને લઇએ તો, આરોપીઓ ઉપર જાહેર સ્થળે અન્ય લોકોની હાજરીમાં ફરીયાદીને જાતિ વિષયક શબ્દોથી અપમાનીત કરવાનો આક્ષેપ છે. આ અપમાન ઈરાદાપૂર્વક કરવાનો પણ આક્ષેપ છે. પરંતુ

સૌપ્રથમ તો પુરાવો જોઇએ તો, આ કામે ફરીયાદી સિવાય શામજીભાઇ સોલંકી, જગદીશભાઇ સોલંકી અને બલવીર સોલંકી બનાવ સ્થળે હાજર હોવાનો પુરાવો છે. તે પૈકી જગદીશભાઇ સોલંકી ફરીયાદની હકીકતને સમર્થન આપતા નથી. જયારે અન્ય બે સાહેદો ફરીયાદીના સંબંધી છે. આ પરિસ્થિતિમાં એટ્રોસીટી એકટની પ્રાથમિક જરૂરિયાત જ સાબિત થતી નથી. કારણ કે, બનાવની ઘટનાને સ્વતંત્ર સાક્ષીઓનું સમર્થન નથી. આ સિવાય ફકત ઢેઢા શબ્દનું ઉચ્ચારણ માત્ર જાતિ વિષયક અપમાન નથી. સમગ્ર પુરાવામાં પણ જાતિ વિષયક શબ્દોમાં ઢેઢા સિવાય અન્ય કોઇ શબ્દનો ઉલ્લેખ નથી અને બનાવ સમયે ફરીયાદીને આરોપીઓ આ શબ્દો બોલ્યા તે અનુસંધાને જે પણ સંજોગો દર્શાવ્યા છે તેમાં પણ એવાં કોઇપણ સંજોગો જણાતા નથી. જેના કારણે એટ્રોસીટી એકટની પ્રાથમિક જરૂરિયાત સાબિત થઇ શકતી હોય. આમ, એટ્રોસીટી એકટ અન્વયેનો ગુન્હો કલમ–૩(૧)(આર), ૩(૧)(એસ) પુરતો સાબિત થતો નથી.

**(૨૧.)** બનાવ સમયે ફરીયાદ પ્રમાણે ફરીયાદીને આરોપીઓએ હુમલો કરી માર માર્યો તેવી હકીકત જણાવાઇ છે. ફરીયાદીએ આરોપીઓને નામ સાથે હથિયાર અને તેમની ભૂમિકા મુજબ ઓળખી બતાવ્યા છે. ફરીયાદી એ પણ કહે છે કે, કોના હાથમાં કયુ હથિયાર હતુ. પરંતુ સદર સાહેદની ઉલટ તપાસ થઇ નથી. સાહેદ શામજીભાઇ તેમના પુરાવામાં જણાવે છે કે, આરોપીઓ જગદીશભાઇને ગાળો આપતા હતા. ત્યારે ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપી ભગીરથભાઇએ ફરીયાદીને ધક્કો માર્યો હતો. આ કામે ભગીરથસિંહ નામે કોઇ આરોપી નથી. ફરીયાદીએ તેની જુબાનીમાં તેની સ્પષ્ટતા કરી છે કે, ભગીરથસિંહ જ વિક્રમસિંહ છે. પરંતુ શામજીભાઇ ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, બનાવ સમયે તેઓ ફરીયાદીની સાથે હતા. જયારે ફરીયાદ પ્રમાણે ફરીયાદીને માર માર્યો અને તેણે બુમો પાડી ત્યારે સદર સાહેદ બનાવ સ્થળે આવ્યા હતા. આમ, બનાવ અનુસંધાને સાહેદની હાજરી બનાવ સ્થળે શંકાસ્પદ છે. આ સિવાય ફરીયાદીના કહેવા પ્રમાણે તેઓ જગદીશભાઇના ઘરે

ગયા ત્યારે આરોપીઓએ સામેથી તેમની સાથે ઝઘડો કર્યો હતો. જ્યારે શામજીભાઇના કહેવા પ્રમાણે તેઓ બનાવ સ્થળે પહોંચ્યા ત્યારે ઝઘડો ચાલુ હતો અને તેઓ ફરીયાદીની સાથે હતા. સાહેદ જગદીશભાઇ સોલંકી ફરીયાદની હકીકતને સંપૂર્ણ નકારે છે. જ્યારે સાહેદ બલવીરભાઇ સોલંકી આંશિક રીતે ફરીયાદની હકીકતને સમર્થન આપે છે. પણ ઉલટ તપાસમાં સ્પષ્ટ જણાવે છે કે, બનાવ સ્થળે બનાવ સમયે હાજર હતા પણ ફરીયાદ મુજબનો કોઇ બનાવ બન્યો નથી. અથવા આરોપીઓએ કોઇ જાતિ વિષયક અપશબ્દો કીધા નથી. આમ,તમામ સાક્ષીઓના પુરાવામાં કોઇ જ એકસુત્રતા નથી. ફરીયાદી સિવાય તથા શામજીભાઇ સિવાય કોઇ સાહેદ હથિયારની ઓળખ કરતા નથી. ગુન્હાના કામે ઉપયોગમાં લેવાયેલ હથિયારનું પંચનામુ સાબિત થતુ નથી. આ સિવાય અન્ય કોઇ પંચનામા પણ સાબિત થતા નથી. તપાસ કરનાર અમલદાર અને અન્ય સાહેદોનો પુરાવો રાબેતા મુજબનો છે. ડો.શરદ રાવલના પુરાવામાં ફરીયાદીએ હીસ્ટ્રીમાં આરોપીનું નામ લખાવ્યુ છે. પણ આ બાબતે ડોકટરનો પુરાવો પુરતો નથી. આ પુરાવાને અન્ય સાક્ષીના પુરાવાનું સમર્થન નથી. સમગ્રપણે આક્ષેપિત કલમો અન્વયેનો ગુન્હો આરોપીઓએ જ કર્યો છે તે હકીકત સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યુ છે જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

૧. આ કામના આરોપીઓ **(૧) વિક્રમસિંહ ભીખુભા વાઘેલા,** રહે.ઇયાવા, રામજી મંદિર પાસે, દરબાર વાસ, તા.સાણંદ, જિ.અમદાવાદ, **(ર) શકિતસિંહ બળવંતસિંહ ઉર્ફે હસુભા વાઘેલા,** રહે.ઇયાવા, નાનો દરબાર વાસ,તા.સાણંદ, જિ.અમદાવાદ, **(૩) મહાવીરસિંહ નવલસિંહ ઉર્ફે નવુભા વાઘેલા,** રહે.ઇયાવા, નાનો દરબાર વાસ, તા.સાણંદ, જિ.અમદાવાદ, **(૪) સુખદેવસિંહ લાલુભા વાઘેલા,** રહે.ઇયાવા, દરબાર વાસ, તા.સાણંદ, જિ.અમદાવાદ નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ-૩ર૩, ૩ર૪, ૫૦૪,

૧૧૪ તથા એટ્રોસિટી એક્ટની કલમ–૩(૧)(આર.) ૩(૧)(એસ), ૩(૨)(૫–અ) અન્વયેના તહોમત અન્વયે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૫(૧) ની જોગવાઇને આધિન રહીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીઓએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ) મુજબ, અપીલ કોર્ટમાં હાજર રહેશે તેની ખાતરી આપતા છ માસના સમયગાળા માટેના રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના સદ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરવા હુકમ કરવામાં આવે છે. અને તે આજ રોજ રજૂ કરવા અને જામીન દિન–૭(સાત) માં રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

**૩.** આ ગુન્હાના કામે કબજે લેવામાં આવેલ બિનકિંમતી મુદ્દામાલનો અપીલ પીરિડય વિત્યે નિયમનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ ચૂકાદો આજ રોજ તારીખ–૦૮–મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ અમદાવાદ મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૮/૦૪/૨૦૨૬
સ્થળ : અમદાવાદ (ગ્રામ્ય).

**(અદ્વૈત સુરેન્દ્ર વ્યાસ)**
વિશેષ ન્યાયાધિશ (એટ્રોસિટી) અને
પાંચમા અધિક સત્ર ન્યાયાધિશ, અમદાવાદ
(ગ્રામ્ય), અમદાવાદ
UID No.GJ00709

પી. એન. ખુમાણ, પી.એસ.